# દાવલીમાં વોટર વર્કસ આસપાસ ખદબદતી ગંદકી : પાણીની લાઈન લીકેઝ થતાં પ્રજા દૂષિત પાણી પીવા મજબૂર

## વોટર વર્કસ આસપાસ ખુલ્લામાં શૌચક્રિયાથી રોગચાળાની દહેશત





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

મોડાસા તાલુકાના દાવલીમાં વોટર વર્કસ આસપાસ ગંદકીનું સામ્રાજ્ય પથરાયું છે. પાણીની લાઈન ઘણા સમયથી લીકેઝ હોવાના કારણે પ્રજા દૂષિત પાણી પીવા મજબૂર બની છે. ગામમાં શૌચાલય બનાવવા પાછળ લાખો રૂપિયા ખર્ચાયા હોવા છતાં અસંખ્ય લોકો વોટર વર્કસ આસપાસ ખુલ્લામાં શૌચક્રીયા કરતા હોવાથી રોગચાળો ફાટવાની દહેશત વ્યક્ત થઈ છે. ગ્રામ પંચાયત દ્વારા સ્વચ્છતા અભિયાન શરૂ કરી સફાઈ કરવામાં નહીં આવે તો પાણીજન્ય રોગ પ્રજાનો ભોગ લે તેવી સ્થિતિ છે.

ગામડાઓમાં ઘેર ઘેર શૌચાલયો બનાવવા પાછળ લાખો રૂપિયાનું આંધણ થયા પછી અસંખ્ય ગામ ખુલ્લામાં શૌચમુક્ત થઈ શક્યાં નથી. તંત્ર દ્વારા માત્ર ગામડાંના પ્રવેશદ્વારે શૌચમુક્ત ગામનાં બેનર ગોઠવી દઈ સંતોષ માનવામાં આવ્યો છે. સફાઈના નામે ગામડાઓમાં બદત્તર સ્થિતિ ચોમાસામાં સામે આવી છે. તાલુકાના દાવલી ગામે સરકારના સ્વચ્છતા અભિયાનનો છેદ ઉડી ગયો હોય તે રીતે પીવાનું પાણી પુરૂ પાડતા વોટર વર્કસ આસપાસ ગંદકીએ ઘેરો ઘાલ્યો છે. ગામના વાસુરાજના જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાય સમયથી વોટર વર્કસની પાઈપલાઈન લીકેઝ હોવાના કારણે પાણીનો ભરાવો થવાથી ગંદકી ફેલાઈ છે. પંચાયતના સત્તાધીશોની નજરમાં ગંદકી તો ઠીક પરંતુ ફેલાયેલાં ઝાળી ઝાંખરાં આવ્યાં નથી જેના કારણે પાણી દૂષિત થઈ રહ્યું છે. લીકેઝ પાઈપલાઈનનું સમારકામ કરવા માટે પણ ફૂરસદ ન હોવાથી પીવાના પાણીમાં અશુદ્ધિઓ ભળવા લાગી છે. પ્રજા ખુલ્લામાં વોટર વર્કસ આસપાસ શૌચક્રીયાએ જતી હોવા છતાં પંચાયત દ્વારા કોઈ પગલાં ભરવામાં આવ્યાં નથી જેના કારણે વોટર વર્કસ આસપાસથી ખદબદતી ગંદકી અને જાળી ઝાંખરાં દૂર કરવામાં નહીં આવે તો આ મુદ્દે ઉચ્ચ કક્ષાએ રજૂઆત થનાર હોવાનું જાણવા મળ્યું છે.

## વડાલીની મોડેલને આર્ટીસ્ટ એસોસીએશન ઓફ ગુજરાતમાં સ્થાન અપાયું

### નેહા નાયકની સાબરકાંઠા જિલ્લા ઉપપ્રમુખ પદે વરણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

વડાલીના સામાન્ય નાયક પરિવારની નેહા નાયકે મોડલીંગ અને આલ્બમ ગીતોમાં આગવી પ્રતિભા ઉભી કરી છે. તાજેતરમાં આર્ટીસ્ટ એસોસીએશન ઓફ ગુજરાત દ્વારા રાજકોટ ખાતે યોજાયેલી આર્ટીસ્ટ એસોસીએશનની બેઠકમાં કલાની નોંધ લઈ સાબરકાંઠા જિલ્લા ઉપપ્રમુખ પદે વરણી કરવામાં આવતાં જિલ્લામાં ઉભરતા કલાકારોમાં આનંદની લાગણી ફરી વળી છે.



જિલ્લામાં ગીત સંગીત અને ફિલ્મ ક્ષેત્રે અનેક પ્રતિભાશાળી કલાકારો પોતાના કૌવતથી રાજ્ય કક્ષાએ આગવી સફળતા મેળવવામાં પ્રયાસ કર્યા છે જેમાં ગુજરાતી લોકગીત તેમજ આલ્બમની અદાકારીમાં જિલ્લાના ઉભરતા કલાકારોની ચારેકોર તારીફ થઈ રહી છે. તાજેતરમાં નવરચિત આર્ટીસ્ટ એસોસીએશન ઓફ ગુજરાતની એક બેઠક રાજકોટના બાલભવન હોલ ખાતે યોજવામાં આવી હતી જેમાં સંગઠનના વિવિધ હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવતાં વડાલીની મોડેલ અને આલ્બમ અભિનેત્રી નેહા નાયકને સંગઠનના પ્રદેશ પ્રમુખ ભગુભાઈ વાળા દ્વારા સાબરકાંઠા જિલ્લા ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. શોર્ટ ફિલ્મી ઉપરાંત ગુજરાતી આલ્બમમાં અદાકારીથી આગવો ચાહક વર્ગ ઉભો કરનાર વડાલીની યુવતીને સંગઠનમાં જવાબદારી સોંપવામાં આવતાં કોરોનાકાળમાં કલાકારોની વ્યથા અને વેદનાને રાજ્ય કક્ષાએ વાચા મળવાની સંભાવના વધતાં જિલ્લાના અસંખ્ય ઉભરતા કલાકારોએ વરણી બદલ અભિનંદન પાઠવ્યા છે.

## જન્મદિને વધામણી



સ્મિત ગોવિંદભાઈ ભરવાડ
શરડી, તા.ધનસુરા



હિર પ્રિયંકકુમાર ભાવસાર
મોડાસા, જિ.અરવલ્લી



સચિનભાઈ એ. પટેલ
(ડિરેક્ટર : સાબરડેરી, હિંમતનગર)
ધનસુરા, જિ.અરવલ્લી



વિજયભાઈ શાહ
(ડાયરેક્ટર : સિલ્વર ટચ ટેક્નોલોજી લી.,અમદાવાદ)
અમદાવાદ (ગાબટ)



બ્રિજેશ પટેલ
ડેમાઈ, તા.બાયડ



પરસોત્તમભાઈ એલ. પટેલ
(પૂર્વ પ્રમુખ : આકરૂન્દ કેળવણી મંડળ)
હરિપુરાકંપા, તા.ધનસુરા



હિતાર્થ જી. પટેલ
(ઋષિકુંજ સોસાયટી)
બાયડ(ડેમાઈ)



કુલદિપ રબારી
રાજેન્દ્રનગર,
જિ.સાબરકાંઠા

## રડોદરા ગામનું ગૌરવ



બાયડ : બાયડ તાલુકાના રડોદરા ગામના કુણાલ(લાલી) પટેલની ગુજરાત રાજ્ય ગ્રામ સેવક મહામંડળમાં ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરતાં સમગ્ર રડોદરા ગામ અને આંજણા પાટીદાર સમાજનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

# તા.૨૦ થી ૨૩ જુલાઈ એકમ કસોટી : સાબરકાંઠા, અરવલ્લીના ૩.૭૫ લાખ વિદ્યાર્થીઓની એકમ કસોટીનું આયોજન

### ગયા વર્ષે હજારો વિદ્યાર્થીઓએ પાઠ્યપુસ્તક જોયા નથી તેઓ અગાઉના વર્ષમાં શું શીખ્યા..?

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

કોરોનાના સંક્રમણમાં ઘટાડો થયા પછી ખાસ કરીને શિક્ષણ વિભાગને હાશકારો થયો છે. શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ ક્યારે શરૂ થશે તે માટે ચર્ચાઓ શરૂ થઈ છે. રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા ધો.૩ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની એકમ કસોટીનું આગામી તા.૨૦ થી ૨૩ જુલાઈ દરમ્યાન આયોજન કરાયું છે જેનો મુખ્ય હેતુ માસ પ્રમોશનના કારણે ઉપલા વર્ગમાં આવેલા વિદ્યાર્થીઓ અગાઉના વર્ષમાં શું શીખ્યા અને કયા વિષયમાં નબળા છે..?? તેનો અભ્યાસ કરી તેમના માટે હવે શું કરી શકાય..?? નો તાગ મેળવવાનો હોઈ શકે પરંતુ ગયા વર્ષે હજારો વિદ્યાર્થીઓએ પાઠ્યપુસ્તક જ જોયા નથી તેઓ અગાઉના વર્ષના અભ્યાસક્રમ અંગે એકમ કસોટીમાં શું જવાબ આપશે..?? તે પ્રશ્નથી હજારો શિક્ષકો ચિંતિત બન્યા છે.

ગત તા.૭ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો. ૧ મહિના સુધી વિદ્યાર્થીઓને બ્રીજ કોર્સની સૂચના અનુસાર શિક્ષણ કાર્ય ચાલી રહ્યું છે જે ૧૦ જુલાઈએ પૂર્ણ થશે. ત્યારે ધો.૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે એકમ કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ગત વર્ષે હોમલર્નિંગ અભ્યાસક્રમથી વિદ્યાર્થીઓને ભણાવવામાં આવ્યા હતા તેઓ શું શીખ્યા..?? તે જાણવાનો હેતુ અમલમાં મૂકાયો છે. જુલાઈ મહિનામાં ધો.૩ થી ૮ માં ૧૬ વિષયની કસોટી લેવામાં આવશે જેમાં ધો.૩ ગુજરાતી, ગણિત, ધો.૪ ગુજરાતી, ગણિત, ધો.૫ ગુજરાતી, ગણિત, અંગ્રેજી, ધો.૬ ગુજરાતી, ગણિત, અંગ્રેજી, ધો.૭ ગુજરાતી, ગણિત, અંગ્રેજી અને ધો.૮ માં ગુજરાતી, ગણિત, અંગ્રેજીની પરીક્ષા યોજાશે. ધો.૩ થી ૫ માં ૨૫ ગુણ અને ધો.૬ થી ૮ માં ૫૦ ગુણની પરીક્ષાનું આયોજન કરવા જણાવ્યું છે. તા.૧૯ જુલાઈ સુધી વિદ્યાર્થીઓ સુધી કસોટીની કોપી પહોંચાડવા માટે જણાવ્યું છે અને તા.૨૦ જુલાઈના રોજ જી.સી.ઈ.આર.ટી.ની વેબસાઈટ ઉપર કસોટી પેપર જોવા મળશે. તદ્ઉપરાંત ગુજરાતી માધ્યમની કસોટીઓ જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમાણિકાના ક્યુઆર કોડ ઉપરથી મેળવી શકાશે. એકમ કસોટીની ઉત્તરવહી તા.૩૦ જુલાઈ સુધી શાળામાં પહોંચાડવા માટે જણાવ્યું છે. ધો.૪ થી ૮ માં કસોટીના ઉત્તરો અગાઉના વર્ષની જેમ એકમ કસોટીની નોટબુકમાં લખવાના રહેશે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૩.૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ એકમ કસોટીમાં સામેલ થઈ શકે છે.

## ગઢામાં પાણી દૂષિત થવાનું કારણ શોધવા ટી.ડી.ઓ.ની સૂચના

### સરપંચ-તલાટીને કારણ શોધી પ્રશ્ન હલ કરવા કહેવાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

મોડાસા તાલુકાના ગઢા ગામે પીવાનું પાણી ડહોળું અને સ્વાસ્થ્ય માટે દૂષિત આવતું હોવાના અહેવાલો બાદ મોડાસા તાલુકા વિકાસ અધિકારી મૌલિકભાઈ શર્માએ ગ્રામ પંચાયતના સરપંચ-તલાટીને પાણી દૂષિત થવાનું કારણ શોધી તાબડતોબ પ્રજાજનોનો દૂષિત પાણીનો પ્રશ્ન હલ કરવા માટે સૂચના આપી છે. છેલ્લા કેટલાય સમયથી ગ્રામજનો પાણીના રૂપમાં ઝેરના ઘૂંટડા ભરતા હતા પરંતુ હવે ટી.ડી.ઓ. દ્વારા ગ્રામ પંચાયતને ટકોર કરી દૂષિત પાણીનો પ્રશ્ન કાયમી ધોરણે હલ કરવા માટે કહેવામાં આવ્યું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં નલ સે જલ યોજના ૧૦૦ ટકા લક્ષ્યાંક સાથે પરીપૂર્ણ થયાના દાવા થઈ રહ્યા છે પરંતુ નળ દ્વારા આપવામાં આવતું પાણીની ગુણવત્તા બાબતે આજે પણ અનેક સવાલો ઉભા છે. તાલુકાના ગઢામાં ગ્રામજનો છેલ્લા કેટલાય સમયથી દૂષિત પાણીને લઈને પરેશાન બની ગયા હતા. ગ્રામ પંચાયતમાં રજૂઆત કરવા છતાં દૂષિત પાણીનો પ્રશ્ન હલ થયો ન હતો અને નિયત સમયે આપવામાં આવતું પાણી ડહોળું આવતું હોવાથી કેટલાક ગ્રામજનો દ્વારા આ મુદ્દે હોબાળો મચાવ્યો હતો. દૂષિત પાણીનો મુદ્દો ઉછળતાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટીને મૌખિક સૂચનાઓ આપી જેમ બને તેમ પાણી દૂષિત થવાનું કારણ શોધી પ્રશ્ન હલ કરવા માટે તાકીદ કરવામાં આવી છે.

# પ્રાંતિજના પોગલુ આંગણવાડી કેન્દ્રમાં ગણવેશનું વિતરણ કરાયું

### આંગણવાડી કેન્દ્રના ૩થી૬ વર્ષના ૩૦ ભૂલકાઓને ગણવેશનુ વિતરણ કરવામા આવ્યુ : પોગલુ ત્રણ અને છ આંગણવાડીમાં ગણવેશનું વિતરણ કરવામાં આવ્યુ : મહિલા અને બાળવિકાસ વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા ગણવેશનુ વિતરણ કરવામા આવ્યુ

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પોગલુ ખાતે સહિત આવેલ આંગણવાડી ઓમા આઈ.સી.ડી.એસ મહિલા અને બાળવિકાસ વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા ગણવેશ નુ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો જેમા આંગણવાડી ત્રણ અને છ મા આવેલ આંગણવાડીના ભૂલકાઓને બે જોડ ગણવેશ આપવામા આવ્યો હતો.



પ્રાંતિજ સહિત તાલુકામા આવેલ આંગણવાડી ઓમા ગણવેશ વિતરણ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે જેમા પ્રાંતિજના પોગલુ ખાતે આવેલ આંગણવાડી ત્રણ અને છમા આવેલ આંગણવાડી કેન્દ્ર ખાતે આંગણવાડી કેન્દ્રમાં આવતા ૩થી ૬ વર્ષ ના બાળકો ને આઈ.સી.ડી.એસ મહિલા અને બાળવિકાસ વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા આંગણવાડીના ભૂલકાઓ ને બે જોડી ગણવેશ વિતરણ કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે મહંત સુનીલદાસ મહારાજ, મુખ્ય કાર્યકર્તા પંડયા ફાલ્ગુની બેન તથા આંગણવાડી કાર્યકર, તેડાગર બહેનો ઉપસ્થિત રહ્યા હતા તો આંગણવાડી ના ભૂલકાઓને બે જોડી ગણવેશ મળતા તેમણા ચહેરા ઉપર સ્મિત જોવો મળ્યુ હતુ.

## પ્રાંતિજના પુનાદરા ખાતે નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાયો

### તાલુકા પ્રમુખ વર્ષાબા ઉપસ્થિત રહ્યા હતાઃ ગ્રામજનોએ કેમ્પનો લાભ લીધો



પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પુનાદરા ખાતે નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાયો હતો જેમા ગ્રામજનોએ કેમ્પનો લાભ લીધો હતો. પ્રાંતિજના પુનાદરા ખાતે નેત્ર ચિકિત્સા કેમ્પનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા ઉપસ્થિત ડૉકટર હસુબેન બારોટ દ્વારા કેમ્પ મા આવેલ તમામે-તમામ લોકોની આંખની તપાસ કરવામા આવી હતી તો આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ વર્ષાબા દિલીપસિંહ મકવાણા, તાલુકા સદસ્ય હમીરસિંહ ઝાલા, હાલુસિંહ ઝાલા, પૂર્વ સરપંચ વનરાજ સિંહ ઝાલા, ડેપ્યુટી સરપંચ સહિત ગામ આગેવાનો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજના વસાહતમા આવેલ મકાનમાંથી બે મોબાઈલની ચોરી : પોલીસ ફરિયાદ

### મકાનના પાછળના દરવાજાએથી પ્રવેશ કરી કોઇ અજાણ્યો ચોર ઈસમ બે મોબાઈલ ચોરી કરી લઈ ગયો : મકાન માલિક દ્વારા અજાણ્યા ચોર ઈસમ સામે પોલીસ ફરિયાદ કરી : કુલ-૧૦, ૦૦૦ હજારના બે મોબાઈલની ચોરી થતા પોલીસ ફરિયાદ થઇ : પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજની સરકારી વસાહત ખાતે આવેલ ઘરના પાછળના દરવાજામાંથી ઘરમાં પ્રવેશ કરી કોઈ અજાણ્યો ચોર ઈસમ દ્વારા બે મોબાઈલ ચોરી કરી લઈ જતા મકાન માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ કરી.



પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી મળતી માહિતી મુજબ પ્રાંતિજના ૯૯૦ સરકારી વસાહત ખાતે રહેતા અમિત કુમાર અરવિંદભાઈ દરજીના મકાનનો પાછળ ના દરવાજા માથી કોઈ અજાણ્યો ચોર ઈસમ મકાન મા પ્રવેશ કરી મકાન મા રહેલ બે મોબાઈલ જેની કિંમત કુલ-૧૦,૦૦૦ કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી ને લઈ જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મકાન માલિક અમિત કુમાર દરજી દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પીએસો લીલાબા મહોબતસિંહ દ્વારા આઈપીસી કલમ ૪૫૭, ૩૮૦ મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પીએસઆઈ એસ.જે.ગોસ્વી દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે.

## સઢા ગામે વિકાસ કામોનું ઈ-ખાતમુહૂર્ત કરાયું

ગાંભોઈ, તા. ૦૫

પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના હેઠળ અનુસૂચિત જાતિની બહુંધા વસ્તી ધરાવતા ગુજરાતના ૧૧ જિલ્લાના ૨૫ ગામોને પસંદ કરાયા છે. જે અંતર્ગત હિંમતનગર તાલુકા પંચાયત હેઠળના સઢા ગામે રોડ, ગટર, સ્ટ્રીટલાઈટ સહિતના વિકાસ કામોનું ઈ-ખાતમુહૂર્ત કેબિનેટ રાજ્યમંત્રી ઈશ્વરભાઈ પરમાર, જિલ્લાના ભાજપના મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર, તાલુકા સદસ્ય દક્ષાબેન ઘનશ્યામભાઈ પટેલ વગેરેના હસ્તે વિકાસકામોનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના યુવા અગ્રાણી રાજેન્દ્રસિંહ રાઠોડ તેમજ સ્થાનિક ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## કાટવાડ ખાતે દારૂ પીધેલી હાલતમાં એક ઈસમ ધરપકડ કરતી પોલીસ

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કાટવાડ ખાતેથી જાહેરમાં દારૂ પીને જાહેરમાં લથડીયા ખાતો બકવાસ કરતા એક ઈસમની પ્રાંતિજ પોલીસે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

પ્રાંતિજ પોલીસ મોયદ બીટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી અને ફરતી ફરતી કાટવાડ ગામની ડેરી પાસે આવતા સામેથી એક ઈસમ દારૂ પીધેલી હાલતમાં જાહેરમાં લથડીયા ખાઈ બકવાસ કરતો હોય જેને પ્રાંતિજ પોલીસ દ્વારા કોર્ડન કરી પકડી તેનું નામ પુછતા પોતાનું નામ વિરેન્દ્ર સિંહ પ્રતાપસિંહ વાઘેલા ઉ. વર્ષ-૩૧ રહે. કાટવાડ, તા. પ્રાંતિજ, જી.સાબરકાંઠાને પ્રાંતિજ પોલીસ દ્વારા ઝડપી પાડી આઈપીસીકલમ પ્રોહિબિશન એકટ કલમ-૮૫,૧, ૬૬,૧ મુજબ ગુનોનોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## આરસોડા ગામેથી દેશી દારૂ સાથે એક ઈસમની ધરપકડ

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના આરસોડા ગામે થી પ્રાંતિજ પોલીસે ચાર લિટર દેશી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડયો હતો અને તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. પ્રાંતિજ પોલીસ ફતેપુરા ગામમા પેટ્રોલિંગ મા હતી તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે આરસોડા ગામમા રહેતા મંગાજી ઉર્ફે કોદરજી મકવાણા પોતાના મકાન ની પાછળ ની ભાગમા ખુલ્લી જગ્યામા દેશી દારૂ નુ વેચાણ કરવા માટે સંતાડી રાખેલ છે જે બાતમી મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા બાતમી ના આધારે આરસોડા ગામમા જેતે જગ્યા ઉપર રેડઈ કરતા મંગાજી ઉર્ફે મંગેશ કોદરજી મકવાણા રહે. આરસોડા , તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા દ્વારા પોતાના ઘર પાછળ ની ખુલ્લી જગ્યામા પાસ પરમીટ વગર દેશીદારૂ વેચાણ કરતો હોય જે પોલીસ ને રેઈડ દરમ્યાન પ્લાસ્ટિક ના કેન મા વગર પાસ પરમીટ વગર દેશીદારૂ ચાર લિટર જેની કિંમત રૂપિયા ૮૦ જે વેચાણ કરવા માટે રાખેલ હોય પોલીસ રેઈડ દરમ્યાન મળી આવતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૬૫ એ-એ મુજબ ગુનોનોધી અટકાયત કરી તેની સામે કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.